# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)

**BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH**

[ Gujarat Public Universities Act No. 15/2023 ]


---

<u>*પરિપત્ર:*</u>

**વિષય: GCAS પોર્ટલ અંતર્ગત શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ વિદ્યાર્થી પ્રવેશની કાર્યવાહી માટે સરકારી,બિન-સરકારી અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થા/કોલેજો ખાતે ફ્રી ફોર્મ ફિલિંગ સેન્ટર અને વેરિફિકેશન સેન્ટર કાર્યરત કરવા બાબત.**

**સંદર્ભ: ક્રમાંક/જીકેસ/પ્રવેશ/૨૦૨૫/૨૫૫ તા:૨૭/03/૨૦૨૫.**

ભક્તકવિ નરસિંહ મહેતા સંલગ્ન તમામ સરકારી,અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ તથા તમામ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને જણાવવાનું કે **GCAS પોર્ટલ અંતર્ગત શૈક્ષણિક વર્ષ:૨૦૨૫-૨૬ વિદ્યાર્થી પ્રવેશની કાર્યવાહી** કાર્યરત છે.આ અન્વયે આ અન્વયે તા:03/02/2025 ના રોજ માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને મળેલ રાજ્યની સરકારી યુનિવર્સીટીઓના કુલપતિશ્રીઓની બેઠકમાં **<u>"ફ્રી ફોર્મ ફીલીંગ સેન્ટર"</u>** અને **<u>"વેરિફિકેશન સેન્ટર"</u>** કાર્યરત કરવા જણાવેલ હતું.જે અંતર્ગત વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને તેમને કિવક રજીસ્ટ્રેશન તથા ઓનલાઇન અરજી કરવામાં વિનામૂલ્યે મદદ મળી રહે તે માટે **<u>"ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર"</u>** કાર્યરત કરવાના રહેશે તથા ઓનલાઇન અરજીની કાર્યવાહી શરુ થયેથી **<u>"વેરિફિકેશન સેન્ટર"</u>** કાર્યરત કરવાના રહેશે.

આ **<u>"ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર"</u>** અને **<u>"વેરિફિકેશન સેન્ટર"</u>** કાર્યરત કરવા માટે રોલ અસાઈન્મેન્ટ,યુઝર બનાવવાની કામગીરી **તા:30/03/2025** સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જેમાં યુઝર કેવી રીતે બનાવવા અંગેની માર્ગદર્શિકા આ સાથે બિડાણમાં સામેલ છે .વધુમાં GCAS સેલ દ્વારા પ્રવેશ કાર્યવાહી સુચારુરુપે તથા સમયસરપૂર્ણ થાય તે હેતુથી પેનલ્ટીના નિયમો તથા તેની ફી નક્કી કરવા જણાવેલ હતું.જે અંતર્ગત અત્રેની યુનિવર્સીટી દ્વારા પેનલ્ટીના નિયમો તથા દંડ નક્કી કરેલ છે.સંસ્થા/કોલેજ દ્વારા નિયત સમયમાં કાર્યવાહી કરવામાં નહિ આવે તો બિડાણમાં દર્શાવેલ પેનલ્ટીના નિયમો લાગુ કરવામાં આવશે.વધુમાં માનનીય શિક્ષણ મંત્રીની અધ્યક્ષસ્થાને આયોજિત આગામી બેઠકમાં કાર્યરત "ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર" અને વેરિફિકેશન સેન્ટર" ની માહિતી આપવાની હોવાથી કામગીરી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે .જેની સર્વે આચાર્યશ્રીઓ દ્વારા નોંધ લેવી.

**<u>નોંધ: GCAS દ્વારા સરકારશ્રીના નિયત દર મુજબ સેન્ટરે ફાઈનલ સબમિટ કરેલ ફોર્મ માટે GCAS પોર્ટલ પર સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે ફોર્મ ફીલિંગ માટે ફોર્મ દીઠ રૂ.૩૦ તથા સેન્ટરે વેરીફાઇડ કરેલ ફોર્મ માટે ફોર્મ દીઠ રૂ.૨૦ વેરીફીકેશન માટે રૂ,૧૦ વહીવટી ખર્ચ પેટે એમ કુલ રૂ.૩૦ માનદેય આપવામાં આવશે.નીચે દર્શાવેલ લિંકમાં GCASના યુઝરનેમ અને પાસવર્ડ નાખી માહિતી ભરવાની રહેશે.</u>**

કા.કુલસચિવ

Link: https://gcasadmin.gujgov.edu.in/

**બિડાણ: ૧) ફ્રી ફીલિંગ સેન્ટર તથા ફોર્મ વેરીફીકેશન સેન્ટર માટેની અગત્યની સૂચનાઓ.**

**૨) GCAS પોર્ટલમાં રોલ/યુઝર બનાવવા માટેની માર્ગદર્શિકા.**

**૩) પેનલ્ટીના નિયમો.**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૫૪૩/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૮/૦૩/૨૦૨૫

પ્રતિ,- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ તરફ...

**<u>નકલ સાદર રવાના:-</u>** (૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.

**<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-</u>** (૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

---

ક્રમાંક: જીકેસ/પ્રવેશ/૨૦૨૫/૨૫૫ તા. ૨૭/૦૩/૨૦૨૫

પ્રતિ,
કુલસચિવશ્રી,
GCAS પોર્ટલ સાથે સંકળાયેલ તમામ યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.

વિષય: GCAS પોર્ટલ મારફત શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં પ્રવેશની કાર્યવાહી માટે કોલેજો ખાતે ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર અને વેરીફીકેશન સેન્ટર કાર્યરત કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન સરકારી, બિન સરકારી અનુદાનિત, સ્વ–નિર્ભર, ઓટોનોમસ કોલેજો, વિદ્યાશાખાઓ, ભવનો તથા અન્ય સંસ્થાઓના વિવિધ પ્રોગ્રામ્સમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં પ્રવેશની પ્રક્રિયા GCAS પોર્ટલ મારફત કરવાની થાય છે. જે અન્વયે તા.૨૫.૦૩.૨૦૨૫થી GCAS પોર્ટલ પર વિદ્યાર્થીઓના ક્વિક રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

આ અન્વયે તા.૦૩.૦૨.૨૦૨૫ના રોજ માનનીય શિક્ષણ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની બેઠકમાં GCAS પોર્ટલ સાથે સંકળાયેલ તમામ કોલેજો, યુનિવર્સિટીની વિદ્યાશાખાઓ અને ભવનો તથા સંસ્થાઓ ખાતે "ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર" અને "વેરીફીકેશન સેન્ટર" કાર્યરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આ "ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર" અને "વેરીફીકેશન સેન્ટર" કાર્યરત કરવા માટે, રોલ અસાઇનમેન્ટ, યુઝર બનાવવા વગેરે જેવી અગત્યની બાબતોની માર્ગદર્શીકાઓ આ સાથે બિડાણ કરી છે. આ માર્ગદર્શીકાઓને ધ્યાને લઈને "ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર" અને "વેરીફીકેશન સેન્ટર" માટે તા.૩૧.૦૩.૨૦૨૫ સુધીમાં રોલ અસાઇનમેન્ટ, યુઝર બનાવવાની કામગીરી પૂર્ણ કરી વિદ્યાર્થીઓના માર્ગદર્શન અને તેમને ક્વિક રજીસ્ટ્રેશન તથા ઓનલાઈન અરજી કરવામાં વિના–મુલ્યે મદદ મળી રહે તે માટે "ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર" કાર્યરત કરવા તથા ઓનલાઈન અરજીની કાર્યવાહી શરૂ થયેથી "વેરીફીકેશન સેન્ટર" કાર્યરત કરવાના રહેશે.

વધુમાં, માનનીય શિક્ષણ મંત્રીશ્રીની અધ્યક્ષસ્થાને આયોજિત આગામી બેઠકમાં કાર્યરત "ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર" અને "વેરીફીકેશન સેન્ટર"ની માહિતી આપવાની હોવાથી આપની યુનિવર્સિટીની વિદ્યાશાખાઓ/ભવનો તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં આ કામગીરી સત્વરે પૂર્ણ કરવા માટે આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

મેમ્બર સેક્રેટરી,
GCAS સેલ

બિડાણ:(૧) ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર તથા ફોર્મ વેરીફીકેશન સેન્ટર માટેની અગત્યની સૂચનાઓ
(૨) GCAS પોર્ટલમાં રોલ/યુઝર બનાવવા માટેની માર્ગદર્શીકા

નકલ રવાના: નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર, જાણ સારું.

**Annexure - 1**

सत्यमेव जयते

Education Department
Government of Gujarat

# ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર

# તથા

# ફોર્મ વેરિફિકેશન સેન્ટર

# માટેની અગત્યની સૂચનાઓ

અરજી એક... વિકલ્પ અનેક...

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫ – ૨૦૨૬

શૈક્ષણિક વર્ષ 2025 – 2026માં GCAS દ્વારા થનાર પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત રાજ્યની 15 સરકારી યુનિવર્સિટીઓ સંલગ્ન તમામ સરકારી કૉલેજો, અનુદાનિત કૉલેજો, યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટ/ભવનો તથા સેલ્ફ–ફાઇનાન્સ કૉલેજોમાં પ્રવેશ માટે GCAS પોર્ટલ પર ક્વિક રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. અને સંપૂર્ણ ફોર્મ ભરવાની પ્રક્રિયા ટૂંક સમયમાં શરુ થવા જઈ રહી છે. જે માટે ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર તથા ફોર્મ વેરિફિકેશન સેન્ટર સ્થાપિત કરવાના રહેશે. આ માટેની જરુરી માર્ગદર્શક સૂચનાઓ નીચે મુજબ છે.

1) સેન્ટર પર સંસ્થાના વડા/આચાર્યશ્રી/ડીનશ્રીએ સક્ષમ સત્તાધિકારી તરીકે ફરજ બજાવવાની રહેશે.
2) તમામ ફોર્મ ફીલિંગ સેન્ટર તથા ફોર્મ વેરિફિકેશન સેન્ટર પાસે સેન્ટરની કામગીરી સુચારુ રુપે થઈ શકે તે માટે જરુરી પ્રાથમિક સુવિધાઓ તેમજ યોગ્ય ભૌતિક સુવિધાઓ (જેમકે પ્રતિ 100 વિદ્યાર્થીએ 1 એવા યોગ્ય કન્ફીગ્રેશન વાળા કમ્પ્યુટર, યોગ્ય સ્પીડ વાળું ઈન્ટરનેટ/વાઈફાઈ જોડાણ અને પ્રિન્ટર વગેરે) હોવી જોઈએ.
3) GCAS દ્વારા નિયત કરવામાં આવેલ (6 ફૂટ x 3 ફૂટ) માપ વાળું અને ઈકો પ્રિન્ટ, સ્ટાર ક્વોલિટીની ગુણવત્તા મુજબનું બેનર ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર તથા ફોર્મ વેરિફિકેશન સેન્ટર ખાતે અવશ્ય લગાવવાનું રહેશે, જેમાં સેન્ટરનો સમય, સેન્ટરનો હેલ્પલાઇન નંબર, સંસ્થાનું નામ, GCAS નો લોગો અવશ્ય દર્શાવવાનો રહેશે. આ બેનર વિદ્યાર્થીઓને દેખાય તે રીતે યોગ્ય જગ્યાએ લગાવવાનું રહેશે.
4) ફોર્મ ફીલિંગ સેન્ટર તથા ફોર્મ વેરિફિકેશન સેન્ટરની કામગીરી સુચારુ રૂપે થાય તે માટે યોગ્ય સ્ટાફની નિયુક્તિ કરવાની રહેશે.
5) સેન્ટરના સક્ષમ સત્તાધિકારીએ ફોર્મ ફીલિંગ તથા ફોર્મ વેરિફિકેશન માટે પોતાના લોગ–ઈન આઈડીમાંથી જરુર મુજબનાં નવા આઈડી બનાવવાના રહેશે.
6) સેન્ટર ખાતે ફોર્મ ફિલીંગ તથા ફોર્મ વેરિફિકેશનની પ્રક્રિયા વિનામૂલ્યે થાય અને સુચારુ રૂપે ચાલે તેની સંપૂર્ણ જવાબદારી દરેક સેન્ટરના સક્ષમ સત્તાધિકારીની રહેશે.
7) GCAS દ્વારા સરકારશ્રીના નિયત દર મુજબ સેન્ટરે ફાઈનલ સબમિટ કરેલા ફોર્મ માટે, GCAS પોર્ટલ પર સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે, ફોર્મ ફીલિંગ માટે ફોર્મ દીઠ રૂ. 30/– તથા સેન્ટરે વેરિફાઈડ કરેલા ફોર્મ માટે ફોર્મ દીઠ રૂ. 20/– વેરિફિકેશન માટે તથા રૂ. 10/– વહીવટી ખર્ચ પેટે એમ કુલ રૂ. 30/– માનદેય આપવામાં આવશે. આ રકમની ચુકવણી GCAS દ્વારા સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયે કરવામાં આવશે.
8) ફોર્મ ફિલીંગ તથા ફોર્મ વેરિફિકેશન પ્રક્રિયામાં જો કોઈપણ પ્રકારની ક્ષતિ રહેવા પામશે, સેન્ટર દ્વારા જો કોઈ નાણાંકીય વ્યવહારો કે ગેરરીતિ આચરવામાં આવશે તો સંલગ્ન યુનિવર્સિટીના નિયત નિયમાનુસાર યુનિવર્સિટી દ્વારા પેનલ્ટી લાગુ કરવામાં આવશે.
9) ફોર્મ ભરવામાં ફોર્મ ફિલીંગ સેન્ટર દ્વારા કોઈ ક્ષતિ રહી જવા પામશે તો તે ક્ષતિ સુધારવાની સંપૂર્ણ જવાબદારી જે–તે સેન્ટરની રહેશે. ભૂલ સુધારવા માટે સેન્ટર દ્વારા વિદ્યાર્થી પાસેથી કોઈપણ પ્રકારની વધારાની ફી લેવાની રહેશે નહિ કે GCAS દ્વારા આ ભૂલ સુધારા અંગે કોઈ વધારાની રકમ ચૂકવવામાં આવશે નહિ.
10) સેન્ટર દ્વારા ભરવામાં આવેલ ફોર્મની પ્રિન્ટ આઉટ જો કોઈ વિદ્યાર્થી મેળવવા ઈચ્છતો હોય તો સેન્ટર પર પ્રિન્ટ આઉટની સુવિધા પુરી પાડવાની જવાબદારી સંસ્થાની રહેશે.

11) જે તે સેન્ટરે ફ્રી ફોર્મ ફીલિંગ અને વેરિફિકેશન એમ બંને કામગીરી કરવા માટે અલગ અલગ સ્ટાફની નિયુક્તિ કરવાની રહેશે.

12) ફોર્મ વેરિફિકેશનની પ્રક્રિયામાં વેરિફાઈડ ફોર્મ એક વાર સબમિટ થયા બાદ ફરી અનલોક કરી શકાશે નહીં.

13) દરેક સંસ્થાએ સેન્ટરની કામગીરી સુચારુ રુપે ચાલે તે બાબતની બાંહેધરી આપવાની રહેશે.

14) ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટરે વિદ્યાર્થીના અસલ દસ્તાવેજોને આધારે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે તથા ફોર્મ વેરિફિકેશન માટે વિદ્યાર્થી દ્વારા કે ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર દ્વારા ભરવામાં આવેલ ઓનલાઈન ફોર્મમાં ભરેલ માહિતીની વિદ્યાર્થીના અસલ દસ્તાવેજો સાથે ચકાસણી કરવાની રહેશે. આથી, ફોર્મ વેરિફિકેશન સેન્ટરે અને ફોર્મ ફીલિંગ સેન્ટરે કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીના કોઈપણ અસલ દસ્તાવેજ કે તેની નકલ સેન્ટર ખાતે જમા લેવા નહીં.

15) વિદ્યાર્થી દ્વારા કે ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટર દ્વારા ભરાયેલ ફોર્મમાં જો કોઈ ક્ષતિ જણાય તો સેન્ડ બેક ટુ એડીટ પર ટીક કરવાથી વિદ્યાર્થી ઓનલાઈન ફોર્મની માહિતીમાં સુધારો કરી શકશે. પરંતુ જો કોઈ માહિતી સુધારી શકાય તેમ ન હોય તો યુનિવર્સિટી ખાતેના હેલ્પ સેન્ટરનો સંપર્ક કરવાનો રહેશે.

16) પ્રવેશ માટેનું ફોર્મ ભરવા માટે GCAS પોર્ટલ પર જઈ કે લિંક https://gcas.gujgov.edu.in/ પર ક્લિક કરી ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ ભર્યા બાદ "ફોર્મ ફીલિંગ સેન્ટર" બટનને સિલેક્ટ કરવાથી સેન્ટરનો યુઝર નેમ તથા પાસવર્ડ લખવા માટે નવી ફિલ્ડ દેખાશે. અહીં સેન્ટર દ્વારા ફોર્મ ફીલિંગ માટે બનાવવામાં આવેલ યુઝર નેમ તથા પાસવર્ડ લખવાના રહેશે. ત્યારબાદ ફાઈનલ સબમિટ કરવાનું રહેશે.

17) ફ્રી ફોર્મ ફીલિંગ અને વેરીફીકેશનની કાર્યવાહી સેન્ટરના જે યુઝર દ્વારા કરવામાં આવી હશે તેની વિગતો સેન્ટરના ડેશબોર્ડ પર તથા સંબંધિત યુઝરના ડેશબોર્ડ પર દર્શાવવામાં આવશે અને તે મુજબ માનદેયની ચૂકવણી કરવામાં આવશે.

18) રજિસ્ટ્રેશન ફી (રૂ. 300/–) નોન–રિફંડેબલ છે તથા ફક્ત ઓનલાઈન માધ્યમથી વિદ્યાર્થીઓએ ભરવાની છે જેથી વિદ્યાર્થીની રજિસ્ટ્રેશન ફી રોકડમાં લેવી નહીં.

19) સેન્ટર દ્વારા પ્રવેશ ફોર્મમાં ભરાયેલ માહિતીમાં ક્ષતિ રહી જવાના કિસ્સામાં, વિદ્યાર્થીને પ્રવેશ મેળવતા અટકાવવાની સત્તા પ્રવેશ આપનાર સંસ્થાના વડા/આચાર્યશ્રી/સક્ષમ સત્તાધિકારીની રહેશે. પરંતુ ક્ષતિયુક્ત ફોર્મવાળા વિદ્યાર્થીને પ્રવેશ ફાળવવાના કિસ્સામાં, જે તે સંસ્થાના વડા/આચાર્યશ્રી/સક્ષમ અધિકારી પર સંબંધિત યુનિવર્સિટીના નિયમોનુસારના શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

20) પ્રવેશ પ્રક્રિયામાં, પ્રવેશ ફોર્મમાં ક્ષતિયુક્ત માહિતી ભરાયાના કિસ્સામાં, કોઈપણ તબક્કે વિદ્યાર્થીનો પ્રવેશ રદ્દ કરવાની અથવા વિદ્યાર્થીને પ્રવેશ મેળવતા અટકાવવાની આખરી સત્તા GCASની રહેશે.


21) સેન્ટરની કામગીરી ઓછામાં ઓછા પાંચ કલાક ચાલે તે સુનિશ્ચિત કરવું.

22) ફોર્મ ફિલીંગ અને ફોર્મ વેરિફિકેશન પ્રક્રિયા અંગેની વિગતવાર માર્ગદર્શિકા હવે પછી મોકલવામાં આવશે.


# Gujarat Common Admission Services (GCAS)
## Education Department, Government of Gujarat

## Guidelines for creating role for form filling/form verification/admission allotment from college login


1. Login to https://gcasadmin.gujgov.edu.in/




2. Go to the menu on the left and select “User Management” → “Activity User Master”



3. University Name and College Name will be displayed automatically after which college will have select appropriate “Activity/Role” from the three options given in the drop-down menu.





4. Fill in the “Display Name”, “User Name”, “Email” and “Mobile No.” of the person for whom the role is being created.
5. Tick the checkbox “Is Active?” for the activation of that user ID and click “Save”.
6. College will have to repeat this process for every user ID (Activity/Role) that it is creating.
7. The person for whom this role is being created, will receive temporary a Password on the given email.
8. He/she will have reset this temporary password first, by logging in to [https://gcasadmin.gujgov.edu.in/](https://gcasadmin.gujgov.edu.in/) using his/her newly created user ID.
9. The user will be using this above created username and password at the point of final submission of student’s admission form.


GCAS User Master

# કોલેજ લોગ–ઇનમાંથી ફોર્મ ભરવા/ફોર્મ ચકાસણી/પ્રવેશ ફાળવણી માટેના રોલ/યુઝર બનાવવા માટેની માર્ગદર્શિકા


1. https://gcasadmin.gujgov.edu.in/ પર લોગિન કરો.




2. ડાબી બાજુના મેનૂ પર જાઓ અને "યુઝર મેનેજમેન્ટ" → "એક્ટિવિટી યુઝર માસ્ટર" પસંદ કરો



3. આપના લોગ–ઈન આઈ.ડી.ના આધારે યુનિવર્સિટી અને કોલેજનું નામ આપમેળે પ્રદર્શિત થશે, ત્યારબાદ કોલેજ ડ્રોપ–ડાઉન મેનૂમાં આપેલા ત્રણ વિકલ્પોમાંથી યોગ્ય “એક્ટિવિટી/રોલ” પસંદ કરશે.




4. જે વ્યક્તિ માટે “એક્ટિવિટી/રોલ” બનાવવામાં આવી રહી છે તેનું “ડિસ્પ્લે નામ”, “યુઝર નામ”, “ઈ–મેલ” અને “મોબાઈલ નંબર” આપેલ ફિલ્ડમાં દર્શાવો.
5. યુઝર આઈડી સક્રિય કરવા માટે “ઈઝ એક્ટિવ?” ચેકબોક્સ પર ટિક કરો અને “સેવ” પર ક્લિક કરો.
6. કોલેજ પ્રત્યેક “એક્ટિવિટી/રોલ” માટે જેટલા યુઝર બનાવવા ઈચ્છતી હોય તે દરેક યુઝર આઈડી (એક્ટિવિટી/રોલ) માટે ઉપરોક્ત ક્રમ–૩ થી ૫માં દર્શાવેલ પ્રક્રિયાનું પુનરાવર્તન કરવાનું રહેશે.
7. જે વ્યક્તિ માટે આ “એક્ટિવિટી/રોલ” બનાવવામાં આવી રહી છે, તેને આ ફોર્મમાં આપેલ ઈ–મેલ પર કામચલાઉ પાસવર્ડ પ્રાપ્ત થશે.
8. તેઓએ પહેલા https://gcasadmin.gujgov.edu.in/ પર પોતાના નવા બનાવેલા યુઝર આઈડીનો ઉપયોગ કરીને લોગ ઈન કરીને આ કામચલાઉ પાસવર્ડ રીસેટ કરવો પડશે.
9. વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મના અંતિમ સબમિશન સમયે વપરાશકર્તા ઉપરોક્ત બનાવેલા યુઝરનેમ અને પાસવર્ડનો ઉપયોગ કરશે.

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

નંક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૫૦૨/૨૦૨૫

તા:૧૨/૦૩/૨૦૨૫

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા,બ્લોક નં:૧૨ બીજો માળ
ડો.જીવરાજ મહેતા ભવન.
ગાંધીનગર.

વિષય:પ્રવેશની કાર્યવાહી માટે નાણાકીય પેનલ્ટીના નિયમો નક્કી કરવા બાબત.
સંદર્ભ:આપની કચેરીનો પત્ર ક્રમાંક:જીકેસ/પસક/૨૦૨૪-૨૫/૨૩૨,તા:૧૮/૦૨/૨૦૨૫ નો પત્ર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે,સંદર્ભ દર્શિત પત્રથી આપના દ્વારા જે નાણાકીય/વહીવટી પેનલ્ટીના નિયમોની માહિતી મંગાવવામાં આવેલ હતી તે અત્રેની યુનિવર્સિટી દ્વારા તેના પેનલ્ટીના નિયમો જે આગામી એકેડેમિક કાઉન્સિલ/બોર્ડ ઓફ મેનેજમેન્ટની મંજુરીની અપેક્ષાએ નક્કી કરવામાં આવેલ છે જે આ સાથે સામેલ છે.જે ધ્યાને લેવા વિનંતી.

કા.કુલસચિવ

Bhakta Kavi Narsinh Mehta University Junagadh.

બિડાણ:નાણાકીય/વહીવટી પેનલ્ટીના નિયમો.

નકલ સાદર રવાના:
માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in | info@bknmu.edu.in | Bhakta Kavi Narsinh Mehta University Junagadh | Bhakta Kavi Narsinh Mehta University Junagadh

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )
Azadi Ka Amrit Mahotsav

## નાણાકીય/વહીવટી પેનલ્ટીના નિયમો નક્કી કરવા માટેના સૂચિત મુદ્દાઓ

| ક્રમ | વિગત | પેનલ્ટીની વિગત | ફી ની વિગત |
|---|---|---|---|
| ૧. | કોલેજ યુનિવર્સિટી ભવન દ્વારા સમયસર GCAS-યુનિવર્સિટીને ડેટા આપવામાં ન આવે | કોલેજ/યુનિવર્સિટી ભવનના લેટરપેડ પર આચાર્યશ્રી/અધ્યક્ષશ્રીનાં ખુલાસા સાથે પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૧૦૦/- |
| ૨. | કોલેજ યુનિવર્સિટી ભવન દ્વારા આપવામાં આવેલ ડેટામાં ક્ષતિના સુધારા માટે GCAS યુનિવર્સિટીને કરવામાં આવતી વિનંતીના કિસ્સામાં | કોલેજ/યુનિવર્સિટી ભવનના લેટરપેડ પર આચાર્યશ્રી/અધ્યક્ષશ્રીનાં કારણો સહીત ક્ષતિ અંગેની સ્પષ્ટતા મંગાવવી સાથે પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૧૦૦/- |
| ૩. | પ્રવેશ કાર્યવાહી દરમિયાન GCAS યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ શેડ્યુલ મુજબ સમયમર્યાદામાં કાર્યવાહી ન કરવાના કિસ્સામાં | કોલેજ/યુનિવર્સિટી ભવનના લેટરપેડ પર આચાર્યશ્રી/અધ્યક્ષશ્રીનાં ખુલાસા સહીત પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૫૦૦/- |
| ૪. | ફી ફોર્મ ફીલિંગ સેન્ટર યોગ્ય રીતે કાર્યરત ન કરવાના કિસ્સામાં | અયોગ્ય જણાય તેવા કિસ્સામાં કોલેજના લેટરપેડ પર આચાર્યશ્રીની સ્પષ્ટતા મંગાવવી અને જો માળખાકીય સુવિધા ના હોય તેવા કીસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૧૫૦/- |
| ૫. | ફી ફોર્મ ફીલિંગ સેન્ટર ખાતે વિદ્યાર્થીના ફોર્મ ભરવાના કિસ્સામાં ક્ષતિના કિસ્સામાં કે વિદ્યાર્થી પાસેથી ફી ફોર્મ ફીલિંગ સેન્ટરખાતે કોઈપણ પ્રકારની ફી કે ચુકવણું લેવાના કિસ્સામાં. | વિદ્યાર્થીની લેખિત ફરિયાદ આધારે જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૨૦૦/- |
| ૬. | વેરીફીકેશન સેન્ટર યોગ્ય રીતે કાર્યરત ન કરવાના કિસ્સામાં | અયોગ્ય જણાય તેવા કિસ્સામાં કોલેજના લેટરપેડ પર આચાર્યશ્રીની સ્પષ્ટતા મંગાવવી અને જો માળખાકીય સુવિધા ના હોય તેવા કીસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૨૫૦/- |
| ૭. | વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવાના કિસ્સામાં વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવેલ ફરિયાદોના કીસ્સામાં | જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૨૦૦/- |
| ૮. | વેરીફીકેશન સેન્ટર ખાતે વિદ્યાર્થીઓના વેરીફીકેશનમાં ક્ષતિ કરવાના કિસ્સામાં. | જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૨૫૦/- |
| ૯. | પ્રવેશની કાર્યવાહી દરમ્યાન GCAS યુનિવર્સિટી ધ્વારા આપવામાં આવેલ શેડ્યુલ મુજબ સમય મર્યાદામાં કાર્યવાહી ના કરવાનાં કિસ્સામાં | કોલેજના લેટરપેડ પર આચાર્યશ્રીનાં ખુલાસા સાથે પેનલ્ટીની જોગવાઈ કરાવી. | રૂ. ૫૦૦/- |
| ૧૦. | વિદ્યાર્થીઓને પ્રવેશ ઓફર કર્યા બાદ પ્રવેશ નિયત સમયમર્યાદામાં પ્રવેશ કન્ફર્મ ન કરવાના કિસ્સામાં | કોલેજ દ્વારા નિયત સમયમર્યાદામાં પ્રક્રિયાના કરવામાં આવે તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૫૦૦/- |
| ૧૧. | કોલેજ યુનિવર્સિટી દ્વારા વેરીફીકેશન સેન્ટર આપે પ્રવેશ પ્રક્રિયા દરમિયાન ઓરીજીનલ દસ્તાવેજ રાખવાના કિસ્સાની ફરિયાદ મળ્યાના કિસ્સામાં. | વિદ્યાર્થીની લેખિત ફરિયાદ આધારે જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કિસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. | રૂ. ૧૦૦૦/- |
| ૧૨. | યુ.જી.સી/વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ ફી રીફંડ પોલીસી મુજબ વિદ્યાર્થીઓને ફી પરત ન કરવાના કીસ્સામાં. | વિદ્યાર્થીની લેખિત ફરિયાદ આધારે જો કોલેજ કસુરવાર સાબિત થાય તેવા કીસ્સામાં પેનલ્ટીની જોગવાઈ કરવી. (સરકારી કોલેજો સિવાય) | રૂ.૫૦૦૦ (સરકારી કોલેજ સિવાય) |
| ૧૩. | યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવતા અન્ય કિસ્સામાં | માન.કુલપતિશ્રી દ્વારા કેસ મુજબ નક્કી કરાય તે | - |

Bhakta Kavi Narsinh Mehta University Junagadh.

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ – ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ – ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh